E-JOURNAL (HISTORY)
SINCE 2019
E - ISSN : 2582-046X
Vol. 05, Issue 01, January to March, 2023
ISSN (Online) No. 2582 – 046X
ANSH – JOURNAL OF HISTORY
A Peer Reviewed International Refereed Online Journal of History Subject
View More Info... https://ansh.ichrc.co.in/ Email : ansh.history@gmail.com

# વિનોબા વિચાર અને વ્યવહાર

**ડૉ. પારસ એચ. ગોહેલ**, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ Email : malavia.rockey64@gmail.com

## ટૂંકસાર

ભારતીય સ્વાધીનતા સંગ્રામનો ઇતિહાસ ખૂબ જ જુસ્સા ભરેલો અને રોમાંચક છે. આ જ સમયગાળા દરમિયાન ભારત જ્યારે અંગ્રેજોની ગુલામીમાં સબડતું હતું ત્યારે ભારતીયોની પ્રતિભા મહોરી ઊઠી હતી. આ સમયે એવા અનેક દેશ નેતાઓ, સુધારકો, સેવકો તત્વચિંતકો થઈ ગયા. કે જેમણે પોતાનું સમગ્ર જીવન દેશસેવા અર્થે અર્પણ કર્યું હતું. જેમાંના એક શ્રી દેશનેતા વિનોબા ભાવે. તેમણે પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રીય દેશપ્રેમ અને સમાજ સેવા અર્થે અર્પણ કરી દીધું હતું. તેમણે સમાજના ઉત્કર્ષ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. જેવા કે અશૃશ્યતા અંગે, ગ્રામ સેવા મંડળ અંગે, સર્વોદય સમાજની સ્થાપના, સ્ત્રી શક્તિને જાગૃત કરવા બાબત. વગેરે ઉપરોકત વિનોબાભાવેના વિચારો અને વ્યવહારોની વિસ્તૃત માહિતી નીચે મુજબ આપેલ છે.

**ચાવીરૂપ શબ્દો** : વિનોબા, વિચાર, વ્યવહાર, સમાજ સુધારા અને દેશ પ્રેમ.

---

## પ્રસ્તાવના

ભારતમાં જન્મ થાય એ જ એક સૌભાગ્યની વાત છે અને તેમાં પણ મનુષ્ય જાતિમાં જન્મ એ અહોભાગ્યની વાત છે. આમ ભારતમાં કીડી મકોડાનો જન્મ મળે તે પણ સદભાગ્યની વાત ગણાય.

માતૃભૂમિના પ્રેમની મોટી મોટી વાતો તો બધા જ કરે છે પણ આવા વચન આખી દુનિયાની બીજી કોઈ પણ ભાષામાં કડી નહીં સાંપડે. આ દેશમાં કંઈક આવું છે. કવિ ઇકબાલના શબ્દોમાં કહીએ તો "કુછ બાત હૈ કી હસ્તી મિટતીનહી હમારી". હસ્તી જે ખરેખર દુર્લભ છે.

ભારત જયારે અંગ્રેજોની ગુલામીમાં સબડતું હતું ત્યારે ભારતીયોની પ્રતિભા મહોરી ઉઠી હતી. આ સમયે અનેક એવા મહાપુરુષ, શોધક, સાધક, તત્વચિંતક, સમાજ સુધારકો થઇ ગયા. એમની પ્રતિભાએ એટલા ઊંચા નિશાન તાક્યા કે તે જોઇને કોઈ પણ આશ્ચર્યચકિત થઇ જાય. રાજા રામમોહન રાય, સ્વામી વિવેકાનંદ, રાનડે, શ્રી નારાયણ ગુરૂ, રવીન્દ્રનાથ ટાગોર, રામકૃષ્ણ

પરમહંસ, ઈશ્વરચંદ્ર, વિદ્યાસાગર ગાંધીજી અને વિનોબા ભાવે. આ બધા મહાપુરુષોએ પોતાનું સમગ્ર જીવન દેશસેવાને માટે અર્પણ કર્યું હતું, જેમાંના એક હતા વિનોબા ભાવે.

## વિનોબાનો પરિચય

વિનોબાનું પૂરું નામ વિનાયક નરહરિ ભાવે હતું. તેમનો જન્મ ૧૧ મી સપ્ટેમ્બર ૧૮૯૫ ના બુધવારે ભાદરવા સુદ ચોથને દિવસે સાંજે સાતને પચાસ મીનીટે થયો હતો. પિતાનું નામ નરહરિ અને માતાનું નામ રુક્મણીબાઈ હતું. બાળપણથી જ તેઓ વાંચન કરતા હતા. આઠ વર્ષની વયે જ્ઞાનેશ્વરી વાચી લીધી હતી. તેમના કાકા તેમની  પાસે કાળ અને કેસરી જેવા વર્તમાનપત્રો વંચાવતા. દશમાં વર્ષે વિનોબાને જનોઈ આપી એ સમયે એમને બ્રહ્મચર્યનો સંકલ્પ કર્યો હતો. માતા ભક્ત અને ભોળી તો પિતા વૈજ્ઞાનીક અને બુદ્ધિનિષ્ઠ હતા. તેથી બંનેની અસર વિનોબા પર પડી હતી. તેઓ પ્રાથમિક શિક્ષણ વડોદરામાં લઇ ૧૯૧૩ માં મેટ્રિક પાસ થયા. એ સમયે આગળ અભ્યાસ માટે કયો વિષય લેવો આ બાબતે પ્રશ્ન ઉભો થયો. પિતા ફ્રેંચ વિજ્ઞાનની  ભાષા હોવાથી લેવા કહેતા જયારે માતા સંસ્કૃત આપણી પ્રાચીન ભાષા હોવાથી લેવાનું કહેતા. તેથી માતાના આગ્રહને વશ થઈને સંસ્કૃત વિષયને લઇ આગળ અભ્યાસ શરૂ કર્યો.

પંડિત મદનમોહન માલવીયાએ સ્થાપેલ કાશી હિંદુ વિદ્યાપીઠમાં ૪ ફેબ્રુઆરી૧૯૧૬ ના રોજ એક મોટો સંભારંભ યોજાયો હતો. જેમાં રાજા મહારાજા કીમતી ઘરેણા અને ઊંચા જરીભરતના પોશાકો પહેરીને આવ્યા હતા. વાઇસરોય પણ તેમાં હાજર હતા અને એ વખતે એટલા બધા નહી જાણીતા એવા મોહનદાસ કરમચંદ ગાંધી પણ હાજર હતા તેમને સુંદર ભાષણ કર્યું. જેઓએ રાજા મહારાજાઓની ટીકા કરી અને દેશની ગરીબાઈ તરફ લોકોનું ધ્યાન દોર્યું અને સરકારને એમને કહ્યું કે અંગ્રેજો હિન્દુસ્તાન છોડીને જશે નહી ત્યાં સુધી દેશનો ઉદ્ધાર થવાનો નથી અને એમને કાઢી મુકવા જોઈએ એવી મને ખાતરી થશે તો તમે ચાલતા થાવ એમ એ લોકોને છડેચોકે સ્પષ્ટપણે કહેવામાં હું જરા પણ સંકોચ નહી અનુભવું.

આ વખતે ગાંધીજીના નામને મહાત્માનું બિરુદ નહતું લાગ્યું. દક્ષિણ આફ્રિકાની સ્તયાગ્રહની લડત સફળતાપૂર્વક લડીને જીતીને તેઓ થોડા સમય પૂર્વે જ ભારત દેશ પાછા ફર્યા હતા. તેઓ ગોપાલકૃષ્ણને ગુરૂ માનતા હતા તેથી તેઓ એ તેમને સૂચવ્યું હતું કે એક વર્ષ સુધી દેશમાં ફરીને પરિસ્થિતિનો અભ્યાસ કરો, નિરિક્ષણ  કરી પછી ભવિષ્યનો કાર્યક્રમ નક્કી કરો. એ સૂચના પ્રમાણે

ગાંધીજી દેશમાં પરીભ્રમણ કરતા હતા. ગુજરાતી ગાંધીના ગુરૂ મહારાષ્ટ્રી અને તેમને પટ્ટશિષ્ય પણ વિનોબાના નામે મહારાષ્ટ્રી જ મળ્યો.

૭ જુન ૧૯૧૬ ના દિવસે વિનાયક અમદાવાદમાં ગાંધીજીના કોચરબ આશ્રમમાં આવ્યા અને જન્મો જન્મનો કોઈ સંબંધ બાંધી રહ્યા હોય તેમ એમને લાગ્યું. પછી અનેક વર્ષો પછી એક નજર વિનોબા બનેલા વિનાયકે આ પ્રસંગનું વર્ણન કરતા કહ્યું કે બાપુની સામે પહોચ્યો કે મને હિમાલયની શાંતિ બંગાળની ક્રાંતિ બંનેનો અદભૂત સંગમ ત્યાં દેખાયો. તે જ ક્ષણથી મેં મારું જીવન શાંતિમય ક્રાંતિના કાર્યને અર્પણ કરી દીધું. મહારાષ્ટ્રમાં વિનોબા ઉકોબા જેવા નામોની પધ્ધતિ છે તેને અનુસરીને ગાંધીજીએ તેમનું નામ વિનોબા નામે નામકરણ કર્યું હતું. ગાંધીજીએ એમના પિતાને પત્ર લખીને જણાવ્યું હતું કે તમારો વિનોબા અમારે ત્યાં આશ્રમમાં છે, એક પત્રમાં ગાંધીજીએ વિનોબાનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે'અમારા આશ્રમમાં બધા આવે છે પણ તે કંઈક લેવા માટે આવે છે.આ યુવાન આવ્યો છે કંઈક આપવા માટે. વિનોબાને એમણે એકવાર લખ્યું હતું કે જો હું હીરાન્યકસ્યપુ બનું તો તું પ્રહ્લાદ થજે.

ગાંધીજીએ વિનોબાની આશ્રમમાં બધા કામોની પરિક્ષા લીધી હતી. તેમાં તે પાસ થયા હતા. આ સમયે ગાંધીજીએ એક ક્રાંતિમય નિર્ણય લીધો હતો કે પ્રત્યે આશ્રમવાસીઓએ ભંગીકામ કરવું જોઈએ. આ નિર્ણય સાથે ખળભળાટ થયો અને કેટલાક લોકોએ આશ્રમનો બહિષ્કાર પણ કર્યો. પણ વિનોબા જેવા નૈષ્ઠિક બ્રાહમણે ભંગીકામ સ્વીકારી લીધું અને અસ્પૃસ્યતાના કાર્યને એક નવી દિશા પ્રાપ્ત થઇ. એ જ વખતે વિનોબાએ ઊંચ વર્ગની નિશાની સમી પોતાની જનોઈ અગ્નિને સ્વાધીન કરી.

## વિનોબાના વિચારો

- **અસ્પૃસ્યતા અંગેના વિચારો**

અસ્પૃસ્યતા એ હિંદુ સમાજનું કલંક છે એ ગાંધીજીનું સૂત્ર વિનોબા શાસ્ત્ર વચનના આધારે વિનોબા સમજાવતા. અસ્પૃસ્યતા નિવારણ અને હરીજન સેવાનું કામ તેઓ ભક્તિભાવથી કરતા. વર્ધા પાસે નાલવાડીમાં હરીજન વસ્તી હતી ત્યાં તેઓ ઝૂપડી બાંધી રહેવા લાગ્યા. તેઓ હરીજન બાળકોને ભણાવતા, નવડાવતા અને યુવાનોને સેવાની દીક્ષા આપતા. સ્ત્રીઓને ભજન સંભળાવતા. ગાંધીજીના આદેશ અનુસાર તેઓ કેરળમાં વાયકોમ ખાતે મંદિર પ્રવેશ અંગેના

સત્યાગ્રહમાં ભાગ લેવા જઈ આવ્યા. અસ્પૃસ્યના પડછાયા માત્રથી પણ અભડાઈ જવાય એવી માન્યતા ધરાવતા ન્બુન્દ્રી બ્રાહ્મણો સાથે શાસ્ત્રથ કરીને વિનોબાએ તેમની પાસે કબૂલ કરાવ્યું કે અસ્પૃસ્યતાને શાસ્ત્રોનો ટેકો નથી, એ શાસ્ત્ર વિરોધી છે. પવનાર નજીક સુરગાવ ખાતે એમણે સતત ત્રણ વર્ષ સુધી સફાઈકામ કર્યું.

૧૯૧૭ માં ગાંધીજીએ દિનબંધુ એન્દ્રૂજની સામે વિનોબાનું વર્ણન કરતા કહેલું તે મહાદેવભાઈએ નોંધ્યું છે. ગાંધીજી એ કહેલું કે આશ્રમના દુર્લભ કામોમાં તેઓ એક છે. બીજાઓની જેમ તેઓ આશ્રમને જ પોતાના પુણ્યથી સીંચવા આવ્યા છે પામ્યા નથી આવ્યા. આશ્રમના એમને પહેલા આઠ મહિના તો એમણે વ્રતો અને નિયમોમાં ગાળ્યા આઠ આઠ કલાક લગાતાર આશ્રમના રસોડે કે ભંગીકામમાં પરોવાઈ રહેવું એ એમને મન સામાન્ય હતું. ઘડીભર પણ તેમના મનમાં એમ થતું ન હતું કે આવા કામો વચ્ચે આપણી વિધ્ધતા કટાઈ જશે.

- **ગ્રામસેવા મંડળ**

વિનોબાના આશ્રમના સેવકોએ વર્ધા તાલુકાના ત્રણસો ગામોની પદયાત્રા તો ૧૯૩૦ માં જ શરૂ કરી દીધી હતી. તેઓ ગામડે ગામડે ફરી સાંજ પડે પાછા જ્ઞાનયોગી વિનોબા પાસે પાંચ દિવસ રહી નવી નવી પ્રેરણા લેતા હતા. ત્યારે વિનોબાને લાગ્યું કે લોકો સાથે પરિચય બંધાયા પછી તેમના દુઃખદર્દની જાત માહિતી લેવી જોઈએ અને તે માટે ગ્રામ સેવાની વ્યાપક યોજના ઘડવી જરૂરી હતી. જેથી ૧૯૩૪ માં ગ્રામસેવા મંડળ નાલવાડીની સ્થાપના કરવામાં આવી. જેનો ઉદ્દેશ્ય કેટલાક ઉદ્યોગોને ફરી ઉભા કરવાનો હતો. રેટીયો ઘડનારા કુશળ કારીગરો પણ મળતા નહી. પશુધનમાં હિન્દુસ્થાન સમૃધ્ધ હોવાથી તેમણે ગોસેવાની પરંપરા ઉભી કરી અને અહિંસક ચામડા અને હાડકાના ઉદ્યોગોને શાસ્ત્રીય રીતે વિકસાવ્યા તેથી તેમના અનુયાયીઓ પણ આ કામમાં લાગ્યા અને તેમાંથી ગોપુરીની ચર્માલય સંસ્થા પેદા થઇ. વિનોબાએ બ્રાહ્મણના છોકરાઓને મરેલા ઢોરના ચીરફાડના નિષ્ણાત બનાવ્યા તે માટે તેમણે અને બાપુએ પણ પોતે સૂગ છોડીને એ કામમાં ભાગ લીધો હતો.

નાલવાડીમાં હરીજન સેવા તથા ગ્રામસેવા કરતા કરતા તેમણે ખાદીને મૂળ હેતુ રૂપ ગ્રામજનતાની બેકરીના પ્રશ્ન સાથે સીધી રીતે સાંકળી લેવાનો પ્રયોગ પ્રારંભયો. તેમણે ગરીબ સ્ત્રીઓ દળણા દળી પોતાનો રોટલો રળી કાઢતી એ નમૂનો સુધારી નાલવાડીમાં પરીશ્રમાલય

સ્થાપ્યું. તેઓ કતાઈની કળા સુધારીને તેનું ઉત્પાદન વધી તેવા પ્રયાસો કરતા. અદનામાં અદના માણસને પણ સુલભ એવી નાનકડી તકલી પર ઝડપથી કાંતવાનું આખું શાસ્ત્ર તેમણે જાતે પ્રયોગો કરી કરી ને નિર્માણ કર્યું. કાંતણના પ્રયોગ પર સમગ્ર પ્રાણશક્તિથી એકાગ્ર થવાના ઈરાદાથી તેમણે વ્રત લીધુ કે કતાઈની મજૂરી પરથી જ જે કઈ મળશે તેના પર જ ગુજારો કરવા પ્રયત્ન કરીશ. આટલી તાન્મયતાથી પોતાની કુસગ્ર બુદ્ધિ આ કામ પર એકાગ્ર કરી તેથી તેમાંથી પીંજણની ક્રિયાને રદ કરતી તુનાઈની પધ્ધતિ અને સૂતરને સહેલાઈથી વણાઈ તેવું બનાવવાની દુબટા પધ્ધતિ પેદા થઇ. તે પ્રયોગના નીચોડ રૂપે તેમણે 'મૂળ ઉદ્યોગ:કાંતણ' નામે પુસ્તિકા લખી.

- **સર્વોદય સમાજની સ્થાપના**

ગાંધીજીના મૃત્યુ પછી ગાંધીજીના અનુયાયીઓનું એક મોટું સંમેલન સેવાગ્રામમાં ભરાયું કેમાં જવાહરલાલ પણ હાજર હતા. જેમાં મુખ્યત્વે વિનોબાની પ્રેરણાથી સર્વોદય સમાજની સ્થાપના થઇ. આ સમાજના સભ્ય થવા મતે કશી જ ફી નહતી, શિસ્તનો કોઈ નિયમ ન હતો. તે બધી વિનોબાની મૌલિક વિચારસરણી હતી. જે કોઈ પોતે એમ માને છે કે મને સર્વોદય ગમે છે મારે સર્વોદયના આદર્શ પર નવીન સમાજ રચના કરવી છે તે એક પત્ર આ સમાજના મંત્રીને લખીને આ સમાજનો સભ્ય થઇ શકતો. દારૂડિયો પણ હૃદયથી સર્વોદયમાં શ્રધ્ધા ધરાવતો હોય તો તે આ સમાજનો સેવક થઇ શકતો. આમ, સર્વોદય સમાજ એ તુકારામની બેંક છે. સૌ આચારમાં સ્વતંત્ર પણ વિચાર કરવા માટે વર્ષે એકવાર ભેગા થઈ સાથે વિચારે અને પછી પોતપોતાના ક્ષેત્રમાં શક્તિ મુજબ કામ કરે. શિસ્તભંગના પગલા ભરવાની કે પોતાના હોદાની રૂએ બીજા પર ચલાવવાની જે કુટેવ હિંસા અને ગુલામીમાંથી આપણને રાજકીય પક્ષો કે નાની મોટી સંસ્થાઓમાં દેખાય છે તેનો સર્વોદય સમાજમાં સદંતર અભાવ હતો.

વિનોબાની રાહબરી નીચે પ્રયત્ન આરંભાયો છે તે સર્વોદય સમાજ અને સર્વ સેવા સંઘનો ગાંધીજીના મૃત્યુ પહેલા તેમની પ્રેરણાથી ચાલતા સંઘોને એક કરવાનો પ્રયત્ન કરી ગયેલા, પણ તેમાં તેઓ સફળ થયા ન હતા. ગાંધીજીના મૃત્યુ બાદ એમનું એ કાર્ય સર્વ સેવા સંઘ રૂપે આકાર પામ્યું હતું. સર્વસેવા સંઘમાં પ્રથમ ગ્રામ ઉદ્યોગ સંઘ અને ગોસેવા સંઘ વિલીન થયા ત્યાર બાદ અખિલ ભારતીય ચરખા સંઘ વિલીન થયો. છેવટે હિન્દુસ્તાન તાલીમ સંઘે તેની સાથે સંગઠન કરવાનો ઠરાવ કર્યો.

- **વિનોબા અને ભૂદાન યજ્ઞ**

વિનોબાના માટે ભૂદાન શબ્દમાં દાન શબ્દ આવે છે તેનાથી સુગાઈ જવાની જરૂર નથી. દાન એટલે સમ્યક વિભાજન. આ છે શંકરાચાર્યની દાનની વ્યાખ્યા. તે અર્થમાં અમે આ શબ્દનો પ્રયોગ કરીએ છીએ, જેને જમીન મળશે તે મફત ખાવાનો નથી,તે જમીન પર મહેનત મજૂરી કરશે,પોતાનો પરસેવો તેમાં રેડશે ત્યારે ખાઈ શકશે. તેથી તેને દીન બનાવનારું એ કારણ નહી થાય; તેનો પોતાનો હક આપણે બતાવીએ છીએ.

વિનોબા ભૂદાન યજ્ઞ વિષે કહેતા કે તે એક અહિંસાનો પ્રયોગ છે, જીવન પરિવર્તનનો પ્રયોગ છે. હું તો નિમિત માત્ર છું અને તમે પણ નિમિત માત્ર છે. પરમેશ્વર તમારી અને મારી પાસે આ કામ કરાવવા માંગે છે. આ કાળ પુરુષની પરમેશ્વરની પ્રેરણા છે તેથી હું માગું ત્યારે તમે લોકો આપજો, દિલ મોકળું કરીને આપજો. જ્યાં લોકો એક ફૂટ જમીનને માટે ઝઘડે છે ત્યાં મારા કહેવાથી લોકો સેંકડો હજારો જમીન આપવાને માટે તૈયાર થઇ જાય છે તો એ સમજો કે આ પરમેશ્વરની પ્રેરણા છે. અને તેમાં સૌ સામેલ થઇ જાઓ. તેના વિરોધમાં કોઈ ઉભા ન રહો. આમાંથી સૌ કોઈનું ખૂબ ભલું થવાનું છે.

- **સ્ત્રી શક્તિને જાગૃત કરવાનું કાર્ય**

સ્ત્રી શક્તિને જાગૃત કરવાનું કામ વિનોબાનું વિશેષ પસંદગીનું. બ્રહ્મવિદ્યાની સામુહિક સાધનાનો પ્રથમ પ્રયોગ કરવાનું માન બ્રહ્મચારીણી બહેનોને મળ્યું. ૧૯૫૮ માં વિનોબાએ પોતાનું સાધના સ્થાન પવનાર આશ્રમ બ્રહ્મચારીણી બહેનોને સોપીને બ્રહ્મ વિદ્યા મંદિરની સ્થાપના કરી હતી. જુદા જુદા પ્રાંતોની જુદી જુદી ભાષા બોલનારી જુદા જુદા ધર્મની અને જુદા જુદા સામાજિક શૈક્ષણિક સ્તરની બહેનો એકત્ર થઈને સામૂહિક સાધના કરે તેવો આ નિરાળો પ્રયોગ હતો.

## મૃત્યુ

વિનોબાનું જીવન પર્વ એક મહાન ગાથા છે પણ એમના મરણપર્વની મહાનતા શબ્દોથી વર્ણવી શકી એમ નથી. સમાધિ એટલે શું એનું પ્રત્યક્ષ દર્શન એમના અંતિમ દિવસોએ કરાવ્યું હતું. ઈ.સ.૧૯૮૨ ના રોજ તેઓએ દિવાળીના દિવસે સવારે ૯:૩૦ વાગ્યે પોતાનો છેલ્લો શ્વાસ લીધો હતો. મૃત્યુ પૂર્વે સાધારણ રીતે જે કઈ પણ થાય છે એવું કઈ પણ ન થયું. સાવ સહજપણે પ્રાણનું સ્પંદન બંધ થયું.

Vol. 05, Issue 01, January to March, 2023
ISSN (Online) No. 2582 – 046X
ANSH – JOURNAL OF HISTORY
A Peer Reviewed International Refereed Online Journal of History Subject
View More Info... https://ansh.ichrc.co.in/ Email : ansh.history@gmail.com

### ૫. સમાપન

આમ, ઉપર જણાવ્યા અનુસાર વિનોબાનું સમગ્ર જીવન એક મહાન ગાથા છે. જેને શબ્દમાં વર્ણવી શકવું એ ખૂબ જ મુસ્કેલ છે. વિનોબાને બાળપણથી દેશસેવા અને વૈરાગ્યની લાગણી લાગી હતી. તેથી તેઓ ખૂબ  નાની ઉમરે દેશસેવામાં જોડાયા હતા. તેમનું કાર્ય જોઇને ગાંધીજીએ તેમનું નામકરણ વિનાયક માંથી વિનોબા કરેલ. તેમનું સૌથી મહત્વનું કાર્ય એ હતું કે દેશના ગરીબ અને પછાત જમીનવિહોણા વર્ગને જમીન અપાવવી. આ માટે તેમણે ભૂદાન ચળવળની શરૂઆત કરી અને આ ચળવળમાં સફળતા પણ મેળવી હતી. આમ, વિનોબાને આજે પણ તેમના મહાન કાર્યો માટે યાદ કરવામાં આવે છે.

## સંદર્ભ ગ્રંથ સૂચી

૧. મહર્ષિ વિનોબા, અમૃત મોદી, યજ્ઞ પ્રકાશન વડોદરા, પ્રા ૧૯૭૧.
૨. સામ્યયોગી વિનોબા: જીવન ચરિત્ર,ચોકસી.
૩. વિનોબા, નિર્મલા દેશપાંડે, નેશનલ બૂક ટ્રસ્ટ ઇન્ડિયા નવી દિલ્લી, પ્ર.આ. ૧૯૯૬.
૪. ભૂદાન યજ્ઞ, વિનોબા ભાવે, નવજીવન પ્રકાશન અમદાવાદ,પ્ર.આ. ૧૯૫૮.